દાખલ તારીખ : ૦૪/૧૦/૨૦૨૪
નોંધ્યા તારીખ :૦૪/૧૦/૨૦૨૪
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૧– ૦૫– ૦૩

# એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, મુ.રાધનપુર

ફોજદારી કેસ નં.૯૮૬/૨૦૨૪
**આંક : ૩૧**

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :** નીલાભાઈ માનસેગભાઈ રાજપુત, ઉ.વ.૩૬,
રહે.ગોલપ, તા.સુઈગામ, જી.બનાસકાંઠા.

**ગુનો : ઈ.પી. કોડ ની કલમ ૩૦૪ (અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.**

---

ફરીયાદીપક્ષ તરફે વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશી
આરોપી તરફે વિ.વકીલ શ્રી એચ.કે.પારકરા

---

**<u>ઠ રા વ</u>**

(૧)આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૯/ ૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૬:૩૦ વાગે પોતાનુ પીકઅપ ડાલુ નં.જી.જે.૦૮.ઝેડ.૮૯૪૭ નું પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી ફરીયાદીના ભાઈ શંકરભાઈના મોટર સાઈકલ નં.જી. જે. ૦૬.એકયુ.૯૩૦૭ ને પાછળ થી ટકકર મારી માથા ના પાછળ ના ભાગે ગંભીર ઈજા તેમજ શરીર ના ભાગે ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સાહેદને સામાન્ય ઈજા કરી પો.સ્ટે.ખબર નહી આપી નાસી જઈ ગુનો કરેલ તે મતલબની ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ રાધનપુર પોલીસ સ્ટેશન માં ફરીયાદ નોંધાવતા, તે અંગે રાધનપુર પોલીસ સ્ટેશન માં ગુનો રજીસ્ટર્ડ થતા તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા અત્રે ની અદાલતમાં ઈ.પી.કોડ ની કલમ ૩૦૪(અ),૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ. વી. એકટ ની કલમ ૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ ના શિક્ષાપાત્ર ગુના નું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપીને પ્રોસેસ ની બજવણી થતા, આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસ ના પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડી આંક–૪ થી તહોમતનામું ઘડી આંક ૫ ના નિવેદન થી ગુનાનો અસ્વીકાર કરતાં સદર કામ ફરીયાદપક્ષ તરફે સાહેદોનો પુરાવો રજુ કરવાના તબકકે મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| અનુ. | નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી દેવાભાઈ માવજીભાઈ મકવાણાની જુબાની | ૯ |
| ૨ | સાહેદ ધીરજભાઈ માવજીભાઈ મકવાણાની જુબાની | ૧૨ |
| ૩ | સાહેદ ભીખાભારથી ગોવિંદભારથી ગોસ્વામીની જુબાની | ૧૩ |
| ૪ | સાહેદ માદેવભાઈ નાગજીભાઈ રબારીની જુબાની | ૧૭ |
| ૫ | સાહેદ પ્રવિણભાઈ પચાણભાઈ સોલંકીની જુબાની | ૧૮ |
| ૬ | સાહેદ કરમણભાઈ માવજીભાઈ મકવાણાની જુબાની | ૨૦ |
| ૭ | સાહેદ ભાવેશભાઈ શંકરભાઈ મકવાણાની જુબાની | ૨૧ |
| ૮ | ત.ક.અધિકારી અજમલભાઈ મેહાભાઈ ચૌધરીની જુબાની | ૨૫ |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૩ | મરણોતર પંચનામુ | ૨૩ |
| ૪ | મરણ જનાર શંકરભાઈ માવજીભાઈ મકવાણાનો પી.એમ. રીપોર્ટ | ૨૪ |
| ૫ | ટેલીફોન વર્ધી | ૨૬ |
| ૬ | ડેપ્યુટ હુકમ | ૨૭ |
| ૭ | સ્થળ ની વિઝીટ | ૨૮ |
| ૮ | જોઈન્ટ રીપોર્ટીંગ ફોર્મ | ૨૯ |
| ૯ | મેડીકોલીગલ સર્ટીફીકેટ | ૩૦ |

(૪)ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ આ કામે વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવા રજુ કરવા માંગતા નથી, તેવુ મૌખિક વિનંતીથી જાહેર કરતા, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ના આધારે ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ અન્વયે આરોપી નું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષ ના પુરાવાને નકારી ખોટો કરેલ કરેલાનુ જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલ શ્રી ની દલીલો સાંભળી આમ ફરીયાદપક્ષનો કેસ નિર્ણીત કરવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**॥ મુદ્દા ॥**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામ ના આરોપી એ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૬:૩૦ વાગે પોતાનુ પીકઅપ ડાલુ નં. જીજે.૦૮.ઝેડ.૮૯૪૭ નું પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી ફરીયાદી ના ભાઈ શંકરભાઈ ના મોટર સાઈકલ નં.જીજે.૦૬.એકયુ.૯૩૦૭ ને પાછળથી ટકકર મારી માથાના પાછળના ભાગે ગંભીર ઈજા તેમજ શરીર ના ભાગે ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સાહેદ ને સામાન્ય ઈજા કરી પો.સ્ટે. ખબર નહી આપી નાસી જઈ,આરોપી એ ઈ.પી.કોડ ની કલમ ૩૦૪ (અ),૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દા અન્વયેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>કારણો</u>**

**<u>મુદ્દા નં.૧</u> :-**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧** તરીકે ફરીયાદી દેવાભાઈ માવજીભાઈ મકવાણા ને આંક ૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ શિક્ષક તરીકે મસાલી પ્રાથમિક શાળા માં ફરજ બજાવે છે. તેઓ સાત ભાઈઓ છે. જેમાં સૌથી મોટા શંકરભાઈ પછી ગલબાભાઈ પછી તેઓ પછી ધીરુભાઈ પછી કરમણભાઈ પછી મેવા

ભાઈ પછી રમેશભાઈ છે. જેમાં શંકરભાઈ અકસ્માત ના કારણે ગુજરી ગયેલ છે. તેઓના મોટા ભાઈ શંકરભાઈ શબ્દલપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા.બનાવ તા. ૨૯/૦૬/૨૦૨૪ ના રોજ સવાર ના આશરે પોણા સાત વાગે શબ્દલપુરા ગામ ના પાટીયા પાસે બનેલો. બનાવ સમયે તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે શબ્દલપુરા પ્રાથમિક શાળાના શિક્ષક મહાદેવભાઈ નાગજીભાઈ રબારીનો તેઓની ઉપર ફોન આવેલો કે ''તમારા મોટા ભાઈ શંકરભાઈનો શબ્દલપુરા ગામના પાટીયા પાસે અકસ્માત થયેલો છે.'' જેથી તેઓ સ્થળ ઉપર ગયેલા.ત્યાં તેઓએ જઈને જોયેલુ તો તેઓના મોટા ભાઈ શંકરભાઈ ઈજાગ્રસ્ત હાલત માં રોડ ઉપર પડેલા હતા અને બાજુ માં અકસ્માત કરનાર પીકઅપ ડાલુ પડેલુ હતુ જેનો રજી.નં. જી.જે. ૮ ઝેડ.૮૯૪૭ હતો તેમજ તેઓના ભાઈ શંકરભાઈ નુ મોટર સાયકલ પણ ત્યાં પડેલ હતુ જેનો રજી.નં.જીજે.૦૬.એકયુ.૯૩૦૭ છે. પછી ૧૦૮ આવી જતાં તેઓના ભાઈને તાત્કાલિક રાધનપુર રેફરલ હોસ્પિટલ માં લઈ ગયેલા અને ત્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે મહેસાણા દીપ આઈ.સી.યુ. હોસ્પીટલ માં લઈ ગયેલા. ત્યાં ડોકટરે તેઓના ભાઈના માથા માં ઈજા થયેલ હોવાના કારણે ઓપરેશન કરેલુ અને સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ મરણ ગયેલ. પછી તેમનુ પી.એમ. કર્યા બાદ અંતિમ વિધિ કરવામાં આવેલી. બનાવ વખતે શંકરભાઈ ની બાઈક ની પાછળ પ્રવિણભાઈ પંચાણભાઈ સોલંકી બેસેલ હતા. તેમને પણ ઈજા થયેલ.આ બનાવ ની તેઓએ રાધનપુર પોલીસ મહેસાણા દિપ હોસ્પીટલ માં આવતા ફરીયાદ લખાવેલ ફરીયાદ માં તેઓએ સહી કરેલ ફરીયાદ જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે જે ફરીયાદ આંક ૧૧ થી રજુ કરેલ છે.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, તેઓની નોકરી મસાલી પ્રા.શાળા માં છે. બનાવ બન્યો ત્યારે તેઓ મસાલી ગામે પ્રા.શાળામાં તેઓની ફરજ ઉપર હતા. તેઓને તેઓના ભાઈ મળેલ ત્યારે તે બેભાન અવસ્થામાં હતા. મહેસાણા દવાખાના માં દવા ચાલતી હતી ત્યાં સુધી તેઓના ભાઈ બેભાન રહેલા. તેઓએ આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૮)આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૨** તરીકે સાહેદ ભીખાભારથી ગોવિંદભારથી ગોસ્વામીને આંક ૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ તેઓ તેઓના ગામ શબ્દલપુરા હતા ત્યારે સવાર ના પોણા સાત

વાગ્યે તેઓને જાણવા મળેલ કે તેઓના ગામ ની શાળા માં શીક્ષક તરીકે નોકરી કરતા શંકર ભાઈ માવજીભાઈ મકવાણા ને શબ્દલપુરા ગામના બસ સ્ટેન્ડ પાસે એકસીડન્ટ થયેલ છે. તેથી તેઓ મો.સા.લઈ બનાવવાળી જગ્યાએ ગયેલ જયાં શંકરભાઈ માવજીભાઈ ઉંધા માથે જમીન ઉપર પડેલ હતા. તેમના માથા માં થી લોહી નીકળતુ હતુ. બીજો એક માણસ નામે પ્રવિણભાઈ પણ જમીન ઉપર બેસેલ હતા તેમને પણ માથામાં વાગેલ હતુ અને લોહી નીકળેલ હતુ. શંકરભાઈ ભાન માં ન હતા પ્રવિણભાઈ ભાનમાં હતા. સ્થળ ઉપર એક મો.સા. હોન્ડા કંપની નું નુકસાન ગ્રસ્ત હાલત માં પડેલ હતુ તે મો.સા. નો નંબર તેઓને યાદ નથી. તેઓએ વાતો વાથી જાણેલ કે પીકઅપ ડાલાવાળાએ મો.સા. ને ટકકર મારતા બનાવ બનેલ. સ્થળ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા શંકરભાઈ તથા પ્રવિણભાઈને તેમાં બેસાડી રાધનપુર સરકારી દવાખાને લાવેલ જયાંથી શંકરભાઈ ને મહેસાણા સારવાર માટે લઈ ગયેલ. સારવાર દરમિયાન શંકરભાઈ ગુજરી ગયેલ. આ બનાવ ની શંકરભાઈ ના નાનાભાઈ દેવા ભાઈ એ પોલીસ માં ફરીયાદ કરેલ. પોલીસે તેઓના જવાબ લીધેલ.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓને બનાવ ની જાણ થયેલ ત્યારે તેઓ તેઓના ઘેર હતા. તેઓ સરપંચ હોય તેઓને બોલાવેલ.તેઓ બનાવ સ્થળે આવેલ ત્યારે સ્થળ ઉપર ઘણા બધા માણસો હાજર હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નહી.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩** તરીકે સાહેદ ધીરજીભાઈ માવજીભાઈ મકવાણા ને આંક ૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૯ /૦૬/૨૦૨૪ ના રોજ તેઓ બેડા ગામે હતા ત્યારે સવારના આઠ વાગ્યા ના સમયે કોઈ અજાણ્યા માણસે તેઓને ફોન કરી જણાવેલ કે તેઓના મોટાભાઈ શંકરભાઈ ને શબ્દલપુરા ગામના પાટીયે એકસીડન્ટ થયેલ છે.તેથી તેઓ શબ્દલપુરા ગામે આવવા નીકળેલ અને તેઓને જાણવા મળેલ કે શંકરભાઈ ને સારવાર માટે રાધનપુર સરકારી દવાખાને લાવેલ છે તેથી તેઓ સવાર ના નવ વાગ્યે રાધનપુર સરકારી દવાખાને પહોચેલ. પરંતુ તેઓને જાણવા મળેલ કે શંકરભાઈ ને મહેસાણા રીફર કરી દીધેલ છે. તેથી તેઓ મહેસાણા દીપ હોસ્પીટલમાં ગયેલ જયાં શંકરભાઈ સારવાર માં હતા. સારવાર દરમિયાન શંકરભાઈ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ ગુજરી

ગયેલ. શંકરભાઈ ગુજરી ગયા ત્યાર સુધી ભાન માં આવેલ નહી. તેઓએ વાતો વાત થી જાણેલ કે તેઓના ભાઈ શંકરભાઈ બંધવડ ગામેથી શબ્દલપુરા શીક્ષક તરીકેની નોકરી એ જવા મો.સા. ઉપર જતા હતા તે વખતે શબ્દલપુરા ગામના પાટીયે કોઈક પીકઅપ ડાલાવાળાએ ટકકર મારતા આ બનાવ બનેલ. બનાવ સમયે તેઓના ભાઈના મો. સા. પાછળ પ્રવિણભાઈ નામના ઈસમ પણ બેસેલ હતા. તેમને પણ ઈજાઓ થયેલ. તેથી તેઓ પ્રવિણભાઈ મળેલ અને પ્રવિણભાઈ એ તેઓને જણાવેલ કે પીકઅપ ડાલાવાળાએ પાછળથી તેઓના મો.સા. ને ટકકર મારતા આ બનાવ બનેલ. પીકઅપ ડાલાનો નંબર જી.જે. ૦૮ ૮૯૪૭ હતો તેવુ તેઓને જાણવા મળેલ.પીકઅપ ડાલાના ચાલક વિશે તેઓને કાંઈ જાણવા મળેલ નથી. બનાવ બાબતે તેઓના મોટાભાઈ દેવાભાઈએ પોલીસમાં ફરીયાદી કરેલ. પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.બનાવ ના દિવસે તેઓ અકસ્માત સ્થળ ઉપર ગયેલ હોય તેવુ બનેલ નથી. તેઓ સૌ પ્રથમવાર બનાવ સ્થળ ઉપર તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ ગયેલ. તેઓ જયારે બનાવ સ્થળ ઉપર ગયેલ ત્યારે સ્થળ ઉપર અકસ્માતવાળા કોઈ વાહનો તેઓએ જોયેલ નહી.

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૪** તરીકે સાહેદ માદેવભાઈ નાગજીભાઈ રબારી ને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ શબ્દલપુરા ગામના પાટિયે સવારના ૬:૩૦ વાગ્યાના અરસામાં બનેલ. આ દિવસે સવારે તેઓ શબ્દલપુરા ગામે તેઓની નોકરી ઉપર જવા નીકળેલ દિવસે સવારે ૬:૪૫ વાગ્યે બનાવ સ્થળે પહોંચેલ અને જોયુ તેઓની સાથે શિક્ષક તરીકે નોકરી કરતા શંકરભાઈ માવજીભાઈ મકવાણા ત્યાં રોડ ઉપર આડા સુતેલા હતા અને તેમના માથામાં થી લોહી નીકળતુ હતુ અને બુમો પાડતા હતા તેથી તેઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ એમ્બ્યુલન્સ આવતા તેમાં શંકરભાઈને મુકી સારવાર માટે રાધનપુર સરકારી દવાખાને લઈ ગયેલ. તેઓ સાથે ગયેલ. જયાં પ્રાથમિક સારવાર માટે મહેસાણા મોકલેલ તેઓ મહેસાણા સાથે ગયેલ. મહેસાણા દીપ હોસ્પીટલમાં શંકરભાઈને દાખલ કરેલ. ત્યારબાદ તેઓ પરત ફરેલ. તેઓ બનાવ સ્થળે ગયેલ ત્યારે સ્થળ ઉપર એક પીકઅપ ડાલુ રોડ ની સાઈડ માં ઉભેલ હતુ. સ્થળ ઉપર એક મોટર સાઈકલ નુકસાનગ્રસ્ત હાલતમાં આડુ પડેલ હતુ મોટર સાઈકલ તથા પીકઅપ

ડાલા નો નંબર તેઓને ખબર નથી. સારવાર દરમ્યાન શંકરભાઈ ગુજરી ગયેલાનુ તેઓ એ જાણેલ. બનાવ બાબતે પોલીસે તેઓના જવાબ લીધેલ.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, અકસ્માત તેઓએ નજરે જોયેલ નહી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૫** તરીકે સાહેદ પ્રવિણભાઈ પચાણભાઈ સોલંકીને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ શબ્દલપુરા ગામના પાટિયે સવારના ૬:૪૫ વાગ્યાના અરસામાં બનેલ. આ દિવસે શબ્દલપુરા ગામે શિક્ષક તરીકે નોકરી કરતા શંકરભાઈ માવજીભાઈ મકવાણા ની સાથે તેમના મોટર સાઈકલની પાછળ બેસી તેઓ શબ્દલપુરા ગામની શાળામાં કોમ્પયુટર રીપેરીંગ કરવા જવા રાધનપુર ગાયત્રી મંદિર આગળથી રવાના થયેલ અને શબ્દલપુરા ગામના પાટીયે પહોંચતા જમણી બાજુએ મોટર સાઈકલ વાળવા તેઓએ હાથથી ઈશારો કરેલ અને શંકરભાઈએ મોટર સાઈકલ જમણી બાજુ એટલે કે, શબ્દલપુરા ગામ તરફ વાળેલ તે વખતે પાછળ થી એક પીકઅપ ડાલાના ચાલકે તેઓના મોટર સાઈકલને પાછળથી ટકકર મારેલ. જેથી તેઓ તથા શંકરભાઈ મોટર સાઈકલ લઈ પડી ગયેલ. તેઓને માથામાં સામાન્ય ઈજા થયેલ શંકરભાઈ ને માથા માં વધારે ઈજા થયેલ. સ્થળ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ જેમા તેઓને થતા શંકરભાઈ ને બેસાડી રાધનપુર સરકારી દવાખાને સારવાર માટે લાવેલ. તેઓએ રાધનપુર સરકારી દવાખાને સારવાર લીધેલ. શંકરભાઈને વધુ સારવાર માટે મહેસાણા મોકલેલ. સારવાર દરમ્યાન પાછળ થી શંકરભાઈ ગુજરી ગયાનુ તેઓએ જાણેલ. અકસ્માત કરનાર પીકઅપ ડાલા નો નંબર જીજે.૦૮ ઝેડ.૮૯૪૭ હતો તે તેઓએ જોયેલો. અકસ્માત કરનાર પીકઅપ ડાલાના ચાલક ને તેઓએ જોયેલ નથી. તે કોણ હતા તે તેઓને ખબર નથી. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ મોટર સાઈકલ ઉપરથી પડેલ ત્યારે બેભાન થઈ ગયેલ. શંકરભાઈ તેઓની જ્ઞાતિના તથા તેઓના સગા છે. તેઓએ આ સિવાયની અન્ય હકીકતોને નકારી કાઢેલ છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૬** તરીકે સાહેદ કરમણભાઈ માવજીભાઈ મકવાણા ને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ સવારના પોણા સાત વાગ્યાના અરસામાં શબ્દલપુરા ગામના પાટીયા પાસે બનેલ. બનાવ વખતે તેઓ સરદારપુરા ગામે પ્રાથમીક શાળામાં શીક્ષક તરીકે તેઓની ફરજ ઉપર હતા. તે વખતે તેઓના મોટાભાઈ દેવાભાઈ માવજીભાઈએ તેઓને ફોન કરી જણાવેલ કે, શંકરભાઈ નો એકસીડન્ટ થયેલ છે તેથી તેઓ શબ્દલપુરા ગામના પાટીયા પાસે કે જયાં બનાવ બનેલ તે જગ્યાએ જવા રવાના થયેલ. તેઓ સ્થળ ઉપર પહોચે તેપ પહેલા ફરીથી દેવાભાઈનો ફોન આવેલ કે, શંકરભાઈને રાધનપુર રેફરલ હોસ્પીટલમાં લાવેલ છે તેથી તેઓ રાધનપુર રેફરલ હોસ્પીટલ માં પહોચેલ જયાં શંકરભાઈ ની સારવાર ચાલુ હતી તેમને માથા માં ઈજા થયેલ હતી. કાન માં થી લોહી નીકળતુ હતુ. શંકરભાઈને પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે દીપ હોસ્પીટલ મહેસાણા મોકલેલ. સારવાર દરમિયાન તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ શંકરભાઈ ગુજરી ગયેલ. શંકરભાઈને મહેસાણા સારવાર માટે મોકલેલ તે વખતે તેઓ તેમની સાથે ગયેલ નહી પરંતુ તે દિવસે તેઓએ બનાવ સ્થળે મુલાકાત લીધેલ જયાં શંકરભાઈનુ મો.સા.નં.જી.જે ૦૬ એ.કયુ ૯૩૦૭ રોડની સાઈડમાં પડેલ હતુ થોડેક આગળ રોડ ઉપર એક પીક અપ ડાલુ નં.જી.જે.૦૮ ઝેડ ૮૯૪૭ ઉભેલ હતુ. સ્થળ ઉપર માણસો હાજર હતા તેમણે જણાવેલ કે આ પીકઅપ ડાલા ચાલકે શંકરભાઈને અકસ્માત કરેલ છે. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ. શંકરભાઈની સાથે મો.સા. ઉપર બીજા એક ઈસમ પ્રવિણભાઈ સોલંકી પાછળ બેસેલ હતા તેમને સામાન્ય ઈજાઓ થયેલ.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ બનાવ સ્થળે ગયેલ ત્યારે ૨૫–૩૦ માણસો ભેગા થયેલ હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નહી. તેઓએ આ સિવાયની અન્ય હકીકત નકારી કાઢેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૭** તરીકે સાહેદ ભાવેશભાઈ શંકરભાઈ મકવાણા ને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૯ /૦૬/૨૦૨૪ ના રોજ સવાર ના સાત વાગ્યાના અરસા માં તેઓ અમદાવાદ મુકામે હતા ત્યારે તેઓના કાકા દેવેન્દ્રભાઈ મકવાણાએ તેઓને ફોનથી સમાચાર આપેલ કે, તેઓના પિતા

ને સ્કુલ જતા અકસ્માત થયેલ છે, માથામાં ઈજા થયેલ છે અને રાધનપુર રેફરલ હોસ્પીટલ માં લઈ જાય છે. તેથી તેઓ અમદાવાદ થી રવાના થયેલ અને રસ્તા માં હતા અને ફરી થી દેવેન્દ્રભાઈનો ફોન આવેલ અને કહેલ કે તેઓના પિતા શંકરભાઈને સારવાર માટે મહેસાણા લઈ જાય છે તેથી તેઓ મહેસાણા દીપ હોસ્પીટલમાં પહોચેલ જ્યાં તેઓના પિતા શંકરભાઈ બેભાન હતા તેમની સારવાર ચાલુ હતી તેઓના પિતાનુ માથા ના ભાગે ઓપરેશન કરાવેલ. સારવાર દરમિયાન તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ તેઓના પિતા ગુજરી ગયેલ. તેઓના પિતાજી ગુજરી જતા સુધી આઈ.સી.યુ.માં રહેલ તેઓને તેમની સાથે વાતચીત કરવાનો કોઈ પ્રસંગ બનેલ નહી. તેઓને તેઓના કાકા દેવેન્દ્રભાઈ મકવાણાથી જાણવા મળેલ કે, તેઓના પિતા મો.સા. લઈ શબ્દલપુરા ગામે સ્કુલમાં નોકરીએ જતા હતા અને મો.સા. ઉપર તેમની પાછળ પ્રવિણભાઈ સોલંકી પણ બેસેલ હતા તે વખતે પીકઅપ ડાલા ચાલકે ટકકર મારતા આ બનાવ બનેલ. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ. તેઓના પિતાના બાઈક નો નં. જી.જે. ૦૬ એ.કયુ ૯૩૦૭ હતો. અકસ્માત કરનાર પીકઅપ ડાલાનો નંબર તેઓને ખબર નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નહી.

(૧૪) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૮** તરીકે ત.ક.અધિકારી અજમલભાઈ મેહાભાઈ ચૌધરીને આંક-૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા.૩૦/૦૬/૨૦૨૪ ના રોજ તેઓ હે.કો. તરીકે રાધનપુર પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા. આ દિવસે પી.એસ.ઓ. જલાભાઈ ખોડાભાઈએ વર્ધી આપેલ કે, શંકરભાઈ માવજીભાઈ મકવાણા નામના ઈસમ વાહન અકસ્માતના બનાવમાં દિપ હોસ્પીટલ મહેસાણા ખાતે સારવાર હેઠળ હોય તેમનુ નિવેદન મેળવી રીપોર્ટ કરવો. આ વર્ધી આધારે તેઓ તા.૦૨/૦૭/૨૦૨૪ ના રોજ દિપ હોસ્પીટલ મહેસાણા ખાતે ગયેલ જ્યાં દર્દી નામ શંકરભાઈ માવજીભાઈ મકવાણા બેભાન અવસ્થા માં આઈ.સી.યુ.માં દાખલ હતા તથા તેમના ભાઈ નામે દેવાભાઈ હાજર મળેલ અને તેમનુ ફરીયાદ નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ અને ફરીયાદ નિવેદન સાથે પી.એસ.ઓ.ને રીપોર્ટ કરેલ. પી.એસ.ઓ.એ આ ફરીયાદ નિવેદન રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧ ૨૧૭૦૨૭૨૪૦૬૮૫ થી નોંધી તેની તપાસ તેઓને સુપરત કરેલ. પી.એસ.ઓ. જલાભાઈ દવારા

આપવામાં આવેલ વર્ધી રજુ કરે છે જેમાં જલાભાઈની સહી તથા પો.સ્ટે.નું ગોળ શીલ છે જે રજુ દાખલ આંક ૨૬ પી.એસ.ઓ. રઘુભાઈ વાસીભાઈ દવારા આપવામાં આવેલ ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે જે રજુ દાખલ આંક ૨૭ આપવામાં આવેલ છે તપાસ ના કામે તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ સાહેદ મહાદેવભાઈ નાગજીભાઈ રબારીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનુ બે પંચો રૂબરૂ પંચ નામુ કરેલ. સ્થળ ઉપર એક હોન્ડા કંપનીનુ સ્પ્લેન્ડર મો.સા. નં. જી.જે.૦૬ એ કયુ ૯૩૦૭ નુકસાન ગ્રસ્ત હાલત માં પડેલ હતુ. તપાસમાં લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ. દરમિયાન ઈજા પામનાર શંકરભાઈ માવજીભાઈ મકવાણા સારવાર દરમિયાન તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ મરણ જતાં ગુનામાં ઈ.પી.કો. કલમ–૩૦૪(અ) નો ઉમેરા રીપોર્ટ કોર્ટ માં રજુ કરેલ. મરણ જનાર ની લાશ ની પી.એમ. નોટ તથા સારવાર નુ પ્રમાણપત્ર મેળવેલ. આ બનાવ માં રોડ પ્રોજેકટ ઓફીસરને તથા આર.ટી.ઓ.ને બનાવવાળી જગ્યાની મુલાકાત કરી અહેવાલ કરવા યાદી કરેલ. જે યાદી રાધનપુર પો.સ્ટે. જા. નં.૩૮૭૩/૨૦૨૪ રજુ કરે છે. જેમા તેઓની સહી છે રજુ દાખલ આંક ૨૮ આર.ટી.ઓ.દવારા તપાસણી અહેવાલ રજુ થયેલ તે તપાસ ના કામે સામેલ રાખેલ જે તપાસણી અહેવાલ રજુ કરે છે. જેમા તેઓની તથા આર.ટી.ઓ.અધિકારી એ.આર.પટેલ ની સહી છે જે રજુ દાખલ આંક–૨૯ થી રજુ કરે છે. આક્ષેપીત બનાવ માં આરોપી નિલાભાઈ માનસીંગભાઈ રાજપુતની સંડોવણી ફલીત થતા તા.૧૯/૦૭/૨૦૨૪ ના રોજ અટક કરી જામીન મુકત કરેલ. તપાસના અંતે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસ માં જણાવેલ છે કે, અકસ્માતમાં મરણ જનાર ઈસમનુ કોઈ નિવેદન નોંધી શકાયેલ નથી. તેઓએ આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

**(૧૫)**આમ, ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષે રજુ થયેલ સાહેદી પુરાવો જોતાં **સાહેદ નં.૧** ફરીયાદી દેવાભાઈ માવજીભાઈ મકવાણા એ પુરાવા માં બનાવ તા. ૨૯/૦૬/૨૦૨૪ ના રોજ સવાર ના આશરે પોણા સાત વાગે શબ્દલપુરા ગામ ના પાટીયા પાસે બનેલા નો તથા બનાવ સમયે તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે શબ્દલપુરા પ્રાથમિક શાળાના શિક્ષક મહાદેવભાઈ નાગજી ભાઈ રબારી એ ફોન થી જાણ કરેલાનો તથા તેઓ સ્થળ ઉપર જતાં તેઓના મોટા ભાઈ શંકર

ભાઈ ઈજાગ્રસ્ત હાલત માં રોડ ઉપર પડેલા હતા અને બાજુ માં અકસ્માત કરનાર પીકઅપ ડાલુ રજી.નં.જી.જે.૮ ઝેડ.૮૯૪૭ પડેલુ હતુ તેમજ તેઓના ભાઈ શંકરભાઈ નુ મોટર સાયકલ રજી.નં જી.જે.૦૬ એ.કયુ.૯૩૦૭ પણ ત્યાં પડેલ હતુ ત્યાર પછી ૧૦૮ આવી જતાં તેઓના ભાઈ ને તાત્કાલિક રાધનપુર રેફરલ હોસ્પિટલ માં લઈ ગયેલાનો તથા તેઓના ભાઈ સારવાર દરમ્યાન તા.૦૮/૭/૨૦૨૪ ના રોજ મરણ ગયેલાનો તથા ફરીયાદ તેઓએ લખાવેલા નો પુરાવો આપે છે તથા ઉલટ તપાસ માં સ્વીકારેલ છે કે–બનાવ બન્યો ત્યારે તેઓ મસાલી ગામે પ્રા.શાળા માં તેઓની ફરજ ઉપર હતા. તેઓને તેઓના ભાઈ મળેલ ત્યારે તે બેભાન અવસ્થા માં હતા. મહેસાણા દવાખાના માં દવા ચાલતી હતી ત્યાં સુધી તેઓના ભાઈ બેભાન રહેલા. તે જ રીતે **સાહેદ નં.૨** ભીખાભારથી ગોવિંદભારથી ગોસ્વામી એ પણ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ તેઓ તેઓના ગામ શબ્દલપુરા હતા ત્યારે સવાર ના પોણા સાત વાગ્યે તેઓને જાણવા મળેલ કે તેઓના ગામની શાળા માં શીક્ષક તરીકે નોકરી કરતા શંકર ભાઈ માવજીભાઈ મકવાણા ને શબ્દલપુરા ગામના બસ સ્ટેન્ડ પાસે એકસીડન્ટ થયેલ છે. તેથી તેઓ મો.સા.લઈ બનાવ વાળી જગ્યાએ ગયેલ જયાં શંકરભાઈ માવજીભાઈ ઉંધા માથે જમીન ઉપર પડેલ હતા. તેમના માથા માં થી લોહી નીકળતુ હતુ. બીજો એક માણસ નામે પ્રવિણભાઈ પણ જમીન ઉપર બેસેલ હતા તેમને પણ માથામાં વાગેલ હતુ અને લોહી નીકળેલ હતુ. શંકરભાઈ ભાન માં ન હતા તથા ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે–તેઓને બનાવ ની જાણ થયેલ ત્યારે તેઓ તેઓના ઘેર હતા.બનાવ તેઓએ નજરે જોયેલ નહી.તે જ રીતે **સાહેદ નં.3** ધીરજીભાઈ માવજીભાઈ મકવાણા એ પણ તા.૨૯/૬/૨૦૨૪ ના રોજ તેઓ બેડા ગામે હતા ત્યારે સવાર ના આઠ વાગ્યા ના સમયે કોઈ અજાણ્યા માણસે તેઓને ફોન કરી જણાવેલ કે તેઓના મોટાભાઈ શંકરભાઈ ને શબ્દલપુરા ગામના પાટીયે એકસીડન્ટ થયેલ છે.તેથી તેઓ શબ્દલપુરા ગામે આવવા નીકળેલ અને તેઓને જાણવા મળેલ કે શંકરભાઈ ને સારવાર માટે રાધનપુર સરકારી દવાખાને લાવેલ છે તેથી તેઓ સવાર ના નવ વાગ્યે રાધનપુર સરકારી દવાખાને પહોચેલ. પરંતુ તેઓને જાણવા મળેલ કે શંકરભાઈ ને મહેસાણા રીફર કરી દીધેલ છે. તેથી તેઓ મહેસાણા દીપ હોસ્પીટલમાં ગયેલ જયાં શંકરભાઈ સારવાર માં હતા. સારવાર દરમિયાન શંકરભાઈ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ ગુજરી ગયેલ. શંકરભાઈ ગુજરી ગયા ત્યાર સુધી ભાન માં આવેલ નહી. તેઓએ વાતો વાત થી જાણેલ કે તેઓના ભાઈ શંકરભાઈ બંધવડ ગામેથી શબ્દલપુરા શીક્ષક તરીકેની નોકરી એ જવા મો.સા. ઉપર જતા હતા તે વખતે શબ્દલપુરા ગામના પાટીયે કોઈક પીકઅપ ડાલાવાળાએ ટકકર મારતા

આ બનાવ બનેલ.બનાવ સમયે તેઓના ભાઈના મો.સા. પાછળ પ્રવિણભાઈ નામના ઈસમ પણ બેસેલ હતા. તેમને પણ ઈજાઓ થયેલ. તેથી તેઓ પ્રવિણભાઈ મળેલ અને પ્રવિણભાઈ એ તેઓને જણાવેલ કે પીકઅપ ડાલાવાળાએ પાછળથી તેઓના મો.સા. ને ટકકર મારતા આ બનાવ બનેલ. પીકઅપ ડાલાનો નંબર જી.જે. ૦૮ ૮૯૪૭ હતો તેવુ તેઓને જાણવા મળેલ.પીકઅપ ડાલાના ચાલક વિશે તેઓને કાંઈ જાણવા મળેલ ન હોવાનો તથા ઉલટ તપાસ માં બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાની તથા.બનાવ ના દિવસે તેઓ અકસ્માત સ્થળ ઉપર ગયેલ હોય તેવુ બનેલ ન હોવાની તથાતેઓ સૌ પ્રથમવાર બનાવ સ્થળ ઉપર તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ ગયેલ. તેઓ જયારે બનાવ સ્થળ ઉપર ગયેલ ત્યારે સ્થળ ઉપર અકસ્માતવાળા કોઈ વાહનો તેઓએ જોયેલ નહી હોવાની હકીકત સ્વીકારેલ છે તે જ રીતે **સાહેદ નં.૪** માદેવભાઈ નાગજીભાઈ રબારીએ પણ બનાવ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ શબ્દલપુરા ગામના પાટિયે સવાર ના ૬:૩૦ વાગ્યાના અરસામાં બનેલ. આ દિવસે સવારે તેઓ શબ્દલપુરા ગામે તેઓની નોકરી ઉપર જવા નીકળેલ દિવસે સવારે ૬:૪૫ વાગ્યે બનાવ સ્થળે પહોંચેલ અને જોયુ તેઓની સાથે શિક્ષક તરીકે નોકરી કરતા શંકરભાઈ માવજીભાઈ મકવાણા ત્યાં રોડ ઉપર આડા સુતેલા હતા અને તેમના માથામાંથી લોહી નીકળતુ હતુ અને બુમો પાડતા હતા તેથી તેઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ એમ્બ્યુલન્સ આવતા તેમાં શંકરભાઈને મુકી સારવાર માટે રાધનપુર સરકારી દવાખાને લઈ ગયેલ.  તેઓ બનાવ સ્થળે ગયેલ ત્યારે સ્થળ ઉપર એક પીકઅપ ડાલુ રોડ ની સાઈડ માં ઉભેલ હતુ. સ્થળ ઉપર એક મોટર સાઈકલ નુકસાનગ્રસ્ત હાલત માં આડુ પડેલ હતુ મોટર સાઈકલ તથા પીકઅપ ડાલા નો નંબર તેઓને ખબર નથી.સારવાર દરમ્યાન શંકરભાઈ ગુજરી ગયેલાનુ તેઓ એ જાણેલાનો પુરાવો આપી ઉલટ તપાસ માં અકસ્માત તેઓએ નજરે જોયેલ નહી હોવાની હકીકત સ્વીકારેલ છે.  તે જ રીતે **સાહેદ નં.૬** કરમણભાઈ માવજીભાઈ મકવાણા એ પણ પુરાવા માં બનાવ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ સવાર ના પોણા સાત વાગ્યા ના અરસા માં શબ્દલપુરા ગામના પાટીયા પાસે બનેલ. બનાવ વખતે તેઓ સરદારપુરા ગામે પ્રાથમીક શાળામાં શીક્ષક તરીકે તેઓની ફરજ ઉપર હતા. તે વખતે તેઓના મોટાભાઈ દેવાભાઈ માવજીભાઈએ તેઓને ફોન કરી જણાવેલ કે, શંકરભાઈ નો એકસીડન્ટ થયેલ છે તેથી તેઓ શબ્દલપુરા ગામના પાટીયા પાસે કે જયાં બનાવ બનેલ તે જગ્યાએ જવા રવાના થયેલ. તેઓ સ્થળ ઉપર પહોચે તેપ પહેલા ફરી થી દેવાભાઈનો ફોન આવેલ કે, શંકરભાઈ ને રાધનપુર રેફરલ હોસ્પીટલમાં લાવેલ છે તેથી તેઓ રાધનપુર રેફરલ

હોસ્પીટલ માં પહોચેલ જયાં શંકરભાઈ ની સારવાર ચાલુ હતી તેમને માથા માં ઈજા થયેલ હતી. કાન માં થી લોહી નીકળતુ હતુ. શંકરભાઈને પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે દીપ હોસ્પીટલ મહેસાણા મોકલેલ. સારવાર દરમિયાન તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ શંકરભાઈ ગુજરી ગયેલાનો તથા બનાવના દિવસે તેઓએ બનાવ સ્થળે મુલાકાત લીધેલ જયાં શંકરભાઈનુ મો.સા.નં.જી.જે ૦૬ એ.કયુ ૯૩૦૭ રોડની સાઈડમાં પડેલ હતુ થોડેક આગળ રોડ ઉપર એક પીક અપ ડાલુ નં.જી.જે.૦૮ ઝેડ ૮૯૪૭ ઉભેલ હતુ. તેવો પુરાવવો આપેલ છે તથા ઉલટ તપાસમાં બનાવ તેઓએ નજરે જોયેલ નહી હોવાની હકીકત સ્વીકારેલ છે તે જ રીતે **સાહેદ નં.૭** ભાવેશભાઈ શંકરભાઈ મકવાણા નો પુરાવો તથા ઉલટ તપાસ જોતાં બનાવ ના તેઓ નજરે જોનાર સાહેદ ફલીત થતા નથી આમ ઉપરોકત તમામ સાહેદ તે બનાવ ના નજરે જોનાર સાહેદ નથી જેથી આ સાહેદોનો પુરાવો આક્ષેપ તહોમત પુરવાર કરવા પર્યાપ્ત જણાતો નથી.

**(૧૬)** હવે મટીરીયલ વીટનેસ તરીકે ફરીયાદપક્ષ તરફે તપાસેલ **સાહેદ નં.૫** પ્રવિણભાઈ પચાણભાઈ સોલંકી કે જેઓ બનાવ સમયે અકસ્માત વાળા મોટર સાયકલ ઉપર સવાર હતા તેઓનો પુરાવો જોવામાં આવે તો બનાવ તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ શબ્દલપુરા ગામના પાટિયે સવાર ના ૬:૪૫ વાગ્યા ના અરસા માં બનેલ. આ દિવસે શબ્દલપુરા ગામે શિક્ષક તરીકે નોકરી કરતા શંકરભાઈ માવજીભાઈ મકવાણા ની સાથે તેમના મોટર સાઈકલની પાછળ બેસી તેઓ શબ્દલપુરા ગામની શાળામાં કોમ્પયુટર રીપેરીંગ કરવા જવા રાધનપુર ગાયત્રી મંદિર આગળ થી રવાના થયેલ અને શબ્દલપુરા ગામ ના પાટીયે પહોંચતા જમણી બાજુ એ મોટર સાઈકલ વાળવા તેઓએ હાથથી ઈશારો કરેલ અને શંકરભાઈએ મોટર સાઈકલ જમણી બાજુ એટલે કે, શબ્દલપુરા ગામ તરફ વાળેલ તે વખતે પાછળ થી એક પીકઅપ ડાલા ના ચાલકે તેઓ ના મોટર સાઈકલ ને પાછળ થી ટકકર મારેલ. જેથી તેઓ તથા શંકરભાઈ મોટર સાઈકલ લઈ પડી ગયેલ. તેઓને માથામાં સામાન્ય ઈજા થયેલ શંકરભાઈ ને માથા માં વધારે ઈજા થયેલાનો તથા તેઓએ લીધેલ સારવાર નો પુરાવો આપી સારવાર દરમ્યાન શંકરભાઈ ગુજરી ગયેલાનુ તેઓએ જાણેલાનો તથા અકસ્માત કરનાર પીકઅપ ડાલા નો નંબર જીજે.૦૮ ઝેડ. ૮૯૪૭ હતો તે તેઓએ જોયેલાનો પરંતુ અકસ્માત કરનાર પીકઅપ ડાલા ના ચાલક ને તેઓ એ જોયેલ નહી હોવાનો તથા તે કોણ હતા તે તેઓને ખબર નહી હોવાનો પુરાવો આપેલ છે આમ

આ સાહેદ કે જેઓ આક્ષેપિત બનાવ માં ઈજા પામનાર તથા બનાવ ના નજરે જોનાર સાહેદ છે તેઓ પણ અકસ્માત કરનાર વાહન ચાલક કોણ હતા ? તે બાબતે કોઈ પુરાવો આપતા નથી આમ ઉપરોકત તમામ સાહેદો ના પુરાવા થી આક્ષેપિત બનાવ માં આરોપી ની સંડોવણી કે ઓળખ ફલીત કે પુરવાર થતી નથી હવે **સાહેદ નં.૮** તરીકે ત.ક.અધિકારી અજમલભાઈ મેહાભાઈ ચૌધરી નો પુરાવો રજુ થયેલ છે તથા આ પોલીસ અમલદાર ઘ્વારા તેઓએ અનુસરેલ તપાસ કામગિરી ને અનુરુપ પુરાવો આપેલ છે પરંતુ ઉલટ તપાસ માં જણાવેલ છે કે, અકસ્માત માં મરણ જનાર ઈસમનુ કોઈ નિવેદન નોંધી શકાયેલ નથી. આમ આક્ષેપિત બનાવ માં મોટર સાયકલ નં.જીજે.૦૬.એકયુ.૯૩૦૭ ને અકસ્માત કરનાર જીજે.૦૮.ઝેડ.૮૯૪૭ નંબર વાળુ પીકઅપ ડાલા ની સંડોવણી ફલીત તથા પુરવાર થાય છે પરંતુ આ વાહન આ કામના આરોપી જ ચલાવતા હતા તેવી હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી તેમજ ફરીયાદ માં જણાવેલ જીજે.૦૮.ઝેડ.૮૯૪૭ નંબરવાળુ પીકઅપ ડાલુ આ કામના આરોપી ચલાવતા હોય અને અકસ્માત નજરે જોયેલ હોય કે આરોપી ને કોર્ટ સમક્ષ ઓળખી બતાવતા હોય તેવો કોઈ સાહેદી પુરાવો પ્રોસીકયુશન ઘ્વારા રજુ કરવામાં આવેલ નથી આમ સમગ્ર પુરાવો જોતાં આ કામ ના આરોપી એ તા.૨૯/ ૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૬:૩૦ વાગે પોતાનુ પીકઅપ ડાલુ નં.જી.જે.૦૮ ઝેડ.૮૯૪૭ નું પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદી ના ભાઈ શંકરભાઈ ના મોટર સાઈકલ નં.જીજે.૦૬.એકયુ.૯૩૦૭ ને પાછળથી ટકકર મારી માથાના પાછળ ના ભાગે ગંભીર ઈજા તેમજ શરીર ના ભાગે ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા સાહેદ ને સામાન્ય ઈજા કરી પો.સ્ટે. ખબર નહી આપી નાસી જઈ,આરોપી એ ઈ.પી.કોડ ની કલમ ૩૦૪ (અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલાની હકીકત નિ:શંકપણે સાબિત થયેલ ન હોય, આરોપી ને આક્ષેપિત ગુન્હા સબબ દોષિત ઠરાવી શકાય એમ ના હોઈ આથી મુદ્દા નં.૧ નો જવાબ નકાર માં આપી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

**(૧)** આ કામના આરોપી નીલાભાઈ માનસેગભાઈ રાજપુત, ઉ.વ.૩૬, રહે.ગોલપ, તા.સુઈ ગામ,જી.બનાસકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડ ની કલમ ૩૦૪(અ),૨૭૯,૩૩૭,૩૩૮તથાએમ.વી.એકટ ની કલમ ૧૩૪, ૧૭૭,૧૮૪ મુજબ

ના શિક્ષા અને દંડને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ આપેલ અગાઉના જામીનખત અપીલ સમય વિત્યા બાદ રદ ગણવા.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૫,૦૦૦/– ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ માસના ગાળાના દિન–૭ માં આપવા.

આ હુકમ આજરોજ તા.૭/૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૭/૩/૨૦૨૬

(દિલીપસિંહ માનસિંહ રાઠોડ)
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર કોડ નં.જીજે ૦૦૭૪૨